MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

# માટીથી ગયાં એટલે રાક્ષસી જેવા થયા?

ડૉ. કિશોર વાળા
મું: કંકાસા, તા: માંગરોળ
જિ: જૂનાગઢ- 362225

***પ્રસ્તાવના:***

જ્યારે માનવજાત માટી સાથે જીવન જીવી રહી હતી અને આજે જે જીવન જીવે છે તેમાં શ્રેષ્ઠ જીવન ક્યું? શા માટે? તેની સમીક્ષા આ સમસ્યાત્મક નિબંધમાં સંવેદનશીલતા સાથે આપવામાં આવી છે. જેમ ભૌતિક જીવનને જીવી રહ્યાં તેમ શું પરિવર્તન આવ્યું? જેની ચિંતા આ નિબંધમા પ્રગટ થઈ છે. એક સમયે આપણે શું હતાં અને આજે આપણે શું છીએ? જે વાત પ્રસ્તુત થઈ છે. આજે પણ ગામડામાં જીવતાં માણસે થોડીઘણી દયા, કરુણા અને માનવતા સાચવી રાખી રાખી છે કારણકે તે માટી સાથે જીવી રહ્યાં છે જે નિબંધમાં જ જોઈએ...

આપણું એ જીવન અણમોલ હતું જેમાં સવારમાં ઊઠતાંની સાથે લીલાં બાવળનું દાતણ કરતાંને માટીનાં કુંડમાંથી પાણી ભરી મોઢું ધોતાં, એ કુંડનાં દાદા જેવાં આજે પણ ઘેડમાં દરેક ગામડે તળાવો છે. એ પછી માટીમાં પડેલ બળતણથી સવારની પાકેલી ચા માટીની કૂરડીમાં પીતાં કે માટીની રકાબીમાં પીવાતી અને આજે પણ ફ્રેન્ચાઇઝી વાળા પરત કૂરડી લાવવાં શો-પીસ ખાતર ચા રાખે-આપે છે. આપણો આખો દિવસ માટી સાથે જ જોડાયેલ રહેતો. જેમાં ધૂળમાં રમવાનું, માટીનાં વાસણોમાં જમવાનું અને એ પણ જમીનની માટી પર બેસીને જ જમતાં, પછી મોટાં ભાગનાં કામ વાડી, ખેતર, કૂવો, રાહતકાર્ય જે હોઈ તે પણ ક્યાંકને ક્યાંક માટી તો આવી જ જતી. કામ-કાજ કરતી વેળા લાલ ગેરૂં, સફેદ ખડી, લીલું લીપણ, થાંભલી રોપવી તો માટી... અને કામ કરીને આરામ માટે બપોરે તો માટી પર જ મોટાં ભાગે આરામ કરતાં, મારાં પિતાની ઉંમરની ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે કે માટી પર અઠવાડિયામાં ત્રણ-ચાર વાર માટી પર આરામ નહીં કર્યો હોય. બપોરે વાડીયે કામ કરી વિસામો લીલાં વૃક્ષની છાયા તળે માટી પર જ લેતાં.

માટીથી સ્ત્રીઓ વાળ ધોતી અને માટીનાં પાણીથી ભરેલ ખાડામાં સ્નાન કરી લેતાં. જેમ અત્યારે યંત્ર યુગમાં મોબાઈલ જેટલો નજીક છે તેવી જ રીતે માટી એટલી જ નજીક હતી.

ધીરે-ધીરે પરિવર્તન આવતું ગયું વિવિધ ધાતુઓ આવી, તાંબુ, પીતળ, સ્ટીલ, લોખંડ, એલ્યુમિનિયમ જેમાંથી સજીવ તત્ત્વ ગાયબ થયાં અને નિર્જીવ તત્ત્વ રહ્યાં. એ પછી રસ અને પ્લાસ્ટિકે તો મનાવતાં મૂકી દીધી. ત્યાં વાત અટકતી નથી, સાથે ખાણીપીણીની તમામ વાનગીઓ જ સ્ટોરેજ થયેલી અને કેમિકલયુક્ત આવવાં

લાગી અને એ આપણો આહાર બનતાં આપણે બુદ્ધિજીવીઓએ કરુણતા ગુમાવતાં, સંવેદના, લાગણી, દયા, ઉદારતા, લાગણી જેવાં માનવતાનાં ગુણો હૃદયમાંથી નાશપ્રાય થઈ ગયાં. કારણકે આપણે માટી સાથેનો નાતો, લગાવ અને પોતીકાપણું જ છોડી દીધોને!

પરિણામ એ આવ્યું કે આપણે ભૌતિક જગતમાં નિષ્ઠુર અને સંવેદના વગરના રાક્ષસીવૃત્તિના દયા વગરનાં જીવ થઈ ગયાં છે. એટલે આજે કદાચ ગોધરાકાંડ, ભારતીઈ સૈનિક સહીદી, પુલવામાં હૂમલો, કોરોના, અમદાવાદ કલાસીસ આગ, મોરબી પૂલ, તથ્ય પટેલ અકસ્માત, ગેમ ઝોન રાજકોટ, કેટલાં યાદ કરશું? આમની અંદર અનેક માસૂમ જીવ, નિર્દોષ જીવાત્માઓ ખાખ થાય તોએ આપણે કોઈ સંવેદના જાગતી નથી, તથ્ય પટેલ આરામથી જેલમાં જામે છે અને રાજકોટના નેતા અને માલિક હસતાં હસતાં જવાબો આપે છે. જ્યાં દયા અને કરુણા દેખાવવા જોયે ત્યાંથી રાક્ષસી હાસ્ય દેખાય છે. કેટલું ક્રૂર હૃદય આપણું થતું જાય છે અને આપણી આવનાર પેઢી તો કેટલી ક્રૂર હશે એ તો કોઈએ કલ્પના પણ નહીં કરી હોઈને?

ભાષણપ્રિય વડાપ્રધાન, હિંસાપ્રિય તેનાં નાના ભાઈ મુશ્કેલીમાં આવે ત્યારે ચાર દિવસ બકરીની જેમ ચૂપ બેસી રહેશે અને આવા કરૂણતાભર્યા કાંડ આવે ત્યારે પીઢ અભિનયકળા સાથે મગર આંસુએ માઈકે મોઢું ભરાવીને બોલશે: ‘એક ભી બલી વ્યર્થ નહીં જાયેગી.’ જાહેર રાજનીતિ પૂર્વેનાં ત્રીસેક વર્ષ બલી કોની કેમ લેવી અને કેમ વિપક્ષનો ધૂરંધર બોકડો વધેરવો એ જ શીખ્યું અને હવે શીખેલી કળા પ્રયોગમાં મેલે તો કોઈ આશ્ચર્ય પામવા જેવું નથી. ‘યથા રાજા, તથા પ્રજા’ થાય છે, થઈ ગઈ છે. પણ ઘા ત્યારે ઘેરો લાગે કે જયારે આપણું પોતાનું કોઈ ધુમાડો થઈ જાય, બળીને ખાખ-રાખ થઈ જાય. હવે નહીં જાગીએ તો ધરતીનાં માટીની માનવતા અને રાત્રીનાં આકાશની કલંકિત દાનવતા વચ્ચે જાજું અંતર નથી બસ ક્ષિતિજનો ભેટો થવાનો છે. ભેટો થયાં પછી માનવની વૃત્તિ દાનવ જેવી જ જોવાં મળશે, મળે છે.

આપણા શરીરની રચનામાં જ માટી અને આકાશ ભળેલાં છે અને એ બે તત્ત્વોની વચ્ચે આપણું દયાભાવ જન્માવતું હૃદય આવેલું છે. બંને તત્ત્વોમાં ધન ભુખ્યો માણસ ધરતીને ખોદતો રહ્યો અને આકાશમાં ફંફોડતો રહેતાં નિર્દયતા તરફ ધકેલાતો ગયો. એક સમયે આપણે જીવ દયાનાં જીવો હતાં આજે જલ્લાદ જેમ જીવ (માંસાહારી) ખાવા લાગ્યા છીએ. જીવ જીવને ખાય તો જીવમાં ક્યાંથી માનવતા રહે? દયા કેમ જોવા મળે? કરુણા કેમ જન્મે? કારણકે આપણે આહાર જ એવો સ્વીકારી લીધો છે. પરિવાર સાથે મળવાનો સમય નથી રાખ્યો પણ પરદેશ ફરવાનો-વિહાર કરવાનો સમય શોધી લિયે છીએ. એટલે તો આવા ક્રૂર નથી થતાં જતાંને?

ખેર, ‘યત્ર વિશ્વ ભવેત એક નીડમ.’ ‘માનવી પ્રકૃતિ સૌને વસુધૈવ કુટુંબ કમ.’ વિશાળ જગ વિસ્તારે નથી એક જ માનવી પશું છે, પંખી, વનોની વનસ્પતિ.’નાં નારા ગાનારી ભારતીય માનવતા ધીરે ધીરે મૃતપ્રાય અવસ્સ્થાએ આવીને બેસે નહી એટલું જ પ્રભુ પાસે માંગીએ છીએ. હે પ્રભુ માનવજાતિનું કલ્યાણ કરો પણ માનવતાનું ઝરણું અવિરત અસીમ વહેડાવો જેથી અનેક કાંડ આ ધરતી પર થતાં અટકે એટલી જ પ્રાર્થના છે.

તામસી ખોરાક, શુદ્ધ-અશુદ્ધનો કોઈ ભેદ નહીં આવ્યું એવું પીરસ્યું, ક્યાં ભાવથી બનાવે, કેવું બનાવે, કોણ બનાવે કોઈ જવાબ નથી તો પછી ભોગવાદી જગતમાં માનવતા વિસરાય તો નવી નવાઈ તો ન જ કેહવાયને? ખેતરમાં અન્ન થતું ને ખેતરમાં જ જીવન જીવાતું એ જીવન જીવે છે એ પણ હવે અર્થવાદી દુનિયામાં આવતાં ખરેથી માંગણ-ભીખારીને ઠેલતા કે પાછો વાળતાં ખચકાતો નથી. સંપત્તિની દોટ અને તેની પાછળની ઘેલછાએ દયા અને માનવતાનું અધ:પતન નોતર્યું છે.

કાચી માટી સાથે જોડાયેલ, જીવતો માનવી માનવતાની મોટી મહેક હતો, યંત્રયુગનો માણસ માનવતા ચૂકી ગયો છે.

વિશેષ વાત એ કે જે ડાકુઓગીરી કરનાર પાટીલ-શાહ જેવા અસંખ્ય નેતાઓ જેલમાં જવા જોઈએ એ તમામ ભાજપમાં ભરાઈ બેઠાં છે. અમારે ગામડાનાં અભણ બાપની કથા ભીખુદાન ભાઈ કહે એનો ભાવાર્થ એ છે કે ‘એક કોક સારો આપે તો છએ છ આપી દેવા છે.’ એ બાપ જેવો કંટાળેલો એવી જ કદાચ પ્રજા હવે કંટાળે તો તાજૂબ નથી. જે પેઢીથી પાર્ટી છોડતાં નહોતા એને એવો તો કયો ડામ આપ્યો કે રાતો રાત પાર્ટી મેલીને ભાગી ગયાં. વાતને રાજનીતિનો મોડ નહોતો આપવો પણ ન જ રેહવાયું તો કેહવાય ગયું. પણ ખોટું ભેગું કર્યું, ખાટકી જેવું ભેગું કર્યું, ખાલીસ્તાન ભેગું કર્યું તો પ્રજાએ ભોગવવું તો રહ્યું જને?

શ્વાસમાં જે પવન લઈએ છીએ તે પવન સવારી તો માટી પર કરીને જ આપણા સુધી આવે છે. જે તરોતાજાં શાકભાજી ખાઈએ એ માટીમાં જ ઉપજેલા છે, જે જળ પીએ એ ભૂગર્ભની રગોમાં-નસનસમાં વહેતું પાણી જ આપણે જીવાડે છે. અન્ન અને પાણી સ્ટોરેજનાં આવતા ગયાં એમ એમ આપણે માનવતામાંથી નિમ્ન સ્તરે આવતાં ગયાં. મૂળ જીવન તો કદાચ આવશે પણ આપણી મૂળ વૃત્તિઓ ફરી નહીં આવે એ સમયના ચક્રમાં આપણે ગુમાવી દીધી છે. એ ફરી મેળવવા માટે તો હજારો જન્મની તપશ્ચર્યા લાગશે. દનાવમાંથી માનવ થવામાં, સેવમાંથી દેવ થવામાં, ભક્ષકમાંથી રક્ષક થવામાં, અપરાધીમાંથી નિરપરાધી થવામાં, નીડરમાંથી ડરપોક થવામાં, કંસમાંથી કૃષ્ણ થવામાં, રાવણમાંથી રામ થવામાં આપણે ફરી મૂળ વૃત્તિઓને જગાડવી પડશે, અંદર ધરબાય ગયેલાં માનવને સંજીવની છાંટી લીલકોર કરવા મથવું પડશે ત્યારે ફરી આપણે માનવ કહેવાને લાયક ઠરશું. બાકી અરણ્યમાં ભક્ષ્ય ખાતાં જીવને આપણે પૂજાનાં ઢોંગ કરતાં જીવમાં માત્ર દેખાડાનો તફાવત છે. પણ આપણા કરતાં એનામાં સમસંવેદનાતો ભરપેટ ભરી છે.

નિબંધની સમગ્રલક્ષી સમીક્ષા: પ્રસ્તુત નિબંધની સમગ્રલક્ષી સમીક્ષા જોઈએ તો મુખ્ય ત્રણ ઘટક પર વિચાર વિમર્શ કરી શકીએ જેમાં: નિબંધના ચાવીરૂપ શબ્દ, નિબંધની સાહિત્યલક્ષી સમીક્ષા અને નિબંધનો કેન્દ્રવર્તી સારાંશ:

***નિબંધના ચાવીરૂપ શબ્દ:***

ખાડામાં સ્નાન કરી લેતાં. તળપદા જીવનને જાનપદી શબ્દોમાં સુપેરે રજૂઆત કરી છે. અને ઉપમા અલંકારમા કહ્યું: જેમ અત્યારે યંત્ર યુગમાં મોબાઈલ જેટલો નજીક છે તેવી જ રીતે માટી એટલી જ નજીક હતી. આપણે કેટલું વિકસાવેલ પણ અંતે શું મેળવી લીધું? પરિવર્તન આવતા ધાતુઓ આવી, સજીવ તત્ત્વ ગાયબ થયાં અને નિર્જીવ તત્ત્વ રહ્યાં. એ પછી રસ અને પ્લાસ્ટિકે તો મનાવતાં મૂકી દીધી. જે વાત સરકાર અનેક જાહેરાતો અને સ્વચ્છતા અભિયાન જેવી ઝુંબેશ ચલાવે તેનાં પાયામાં માનવ જ રહેલો છે. પણ ત્યાં વાત અટકતી નથી વાત ત્યારે દુઃખદ છે જ્યારે લેખક કહે 'કરુણતા ગુમાવતાં, સંવેદના, લાગણી, દયા, ઉદારતા, લાગણી જેવાં માનવતાનાં ગુણો હૃદયમાંથી નાશપ્રાય થઈ ગયાં.' ત્યારે માનવજાત વિનાશકારી દોટ ભરી રહી છે. કારણકે આપણે માટી સાથેનો નાતો, લગાવ અને પોતીકાપણું જ છોડી દીધોને!

નિષ્ઠુર અને સંવેદના વગરના રાક્ષસીવૃત્તિના દયા વગરનાં જીવ થઈ ગયાં છે. એટલે તો આપણે

કેટલું જોયું: 'ગોધરાકાંડ, ભારતીય સૈનિકોની સહીદી, પુલવામાં હૂમલો, માનવ નિર્મિત કોરોના, અમદાવાદ કલાસીસ આગ, મોરબી પૂલ, તથ્ય પટેલ અકસ્માત, ગેમ ઝોન રાજકોટ, કેટલાં યાદ કરશું?' અનેક માસૂમ જીવ, નિર્દોષ રીતે જતાં રહ્યાં અહીં લેખકની માનવ અને વિશ્વ શાંતિના કવિ ઉમાશંકર જોશીની માફક "સંવેદનશીલતા" પ્રગટ થાય છે.

***નિબંધની સાહિત્યલક્ષી સમીક્ષા:***

પ્રસ્તુત ગદ્ય નિબંધમા જોઈએ તે પહેલાં નિબંધનો પ્રારંભ

"મંડળી મળવાથી થતો લાભ": વીર નર્મદ દ્વારા લખાયેલ હતો તે પછી "ભૂત" નિબંધ: કવિ દલપતરામ દ્વારા લખાયેલ. એ પછી નિબંધની આખો યુગ આવ્યો જે રસ્તા પર અનેક લેખકોએ પોતાનું નિબંધ સાહિત્ય આપેલ જેમાં સમર્થ નિબંધકાર જોઈએ તો: વીર નર્મદ, કવિ દલપતરામ, કાકા કાલેલકર, ભોળાભાઈ પટેલ, સ્વામી આનંદ, કિશનસિંહ ચાવડા, આનંદશંકર ધ્રુવ, મણિલાલ હ. પટેલ...

જ્યારે નિબંધ પરંપરાને ધપાવવા માટે ગોવર્ધનરામને સમાજ સુધારણા પર નિબંધ લખવા વિચાર ચાલતો હતો પરંતું તેઓનો નિબંધ વિચાર બાજુ પર રહ્યોને સમાજ કેન્દ્રી પ્રથમ મહાનવલકથા ગુજરાતી સાહિત્યને આપેલી : જે "સરસ્વતીચંદ્ર ભાગ- ૧,૨,૩,૪" સ્વરૂપે પ્રગટ થયેલી. કાકા કાલેલકરે નિબંધ અંગે કહ્યું: "નિ: + બંધ: જેને કોઈ પણ પ્રકારનું બંધન નથી તેને નિબંધ કહેવાય." નિબંધના મુખ્ય બે પ્રકાર સમીક્ષકો દર્શાવે અને જેમાં લલિત નિબંધ અને

લલિત્તેતર નિબંધ જ્યારે અન્ય સાહિત્યકારોની દ્રષ્ટિએ જોઈએ પ્રકાર તો: સામાજિક સમસ્યાના નિબંધ, પ્રવાસ નિબંધ , ચરિત્ર નિબંધ...આ નિબંધમાં જોઈએ તો "માટીથી ગયાં એટલે રાક્ષસી જેવા થયા?" આપણે કેટલાં માટી સાથે જોડાયેલા હતાં અને ભૌતિક જગતમાં કેટલાં દૂર થતાં જઈએ તેની જીણવટ ભરી સમીક્ષા આપેલી છે. 'સવારમાં ઊઠતાં માટીનાં કુંડમાંથી પાણી ભરી મોઢું ધોતાં, દરેક ગામડે માટીના તળાવો છે. આ માટીની કૂરડીમાં પીતાં, આખો દિવસ માટી સાથે જ જોડાયેલ રહેતો. જેમાં ધૂળમાં રમવાનું, માટીનાં વાસણોમાં જમવાનું અને એ પણ જમીનની માટી પર બેસીને જ જમતાં.

વાડી, ખેતર, કૂવો, રાહતકાર્ય જે હોઈ તે પણ ક્યાંકને ક્યાંક માટી તો આવી જ જતી, કામ-કાજમાં થાક પછી વિસામો લીલાં વૃક્ષની છાયા તળે માટી પર જ લેતાં." વગેરે બાબત માટી સાથે જોડાયેલી બાબત દર્શાવે છે.

***નિબંધનો કેન્દ્રવર્તી સારાંશ:***

"અન્ન એવો ઓડકાર" તે આપણી લોકભાષામાં વિશેષ બોલાતા શબ્દો છે. આપણો આહાર આપણી વૃત્તિઓ પ્રભાવિત કરે છે. આપણી રહેણી કરણી અને ખાણી પીણી, આપણા સ્વભાવ અને કર્મનો પાયો છે. જેવું અન્ન આપણા પેટમાં જશે એવો જ એનો પ્રભાવ થશે. અંતે તો કાળા માથાના માનવીએ પેટની આગ ઠારવી જ રહી. ભારતીય સંસ્કૃતિ હંમેશાથી મૂળ સાથે જોડાયેલી રહી છે. આપણા મૂળથી વિમુખ થવાથી આપણે પોતે આપણું જ પતન નોતરી રહ્યાં છીએ. માનવીય શરીર પંચ મહાભૂત ધરતી, આકાશ, અગ્નિ, વાયુ અને જળ દ્વારા બનેલું છે. જેટલી શુદ્ધ હવા, શુદ્ધ જળ લઈશું તેટલી રોગપ્રતિકારક ક્ષમતા વધારે, આપણી પ્રવૃત્તિઓ દ્વારા ધરતી(માટી) દૂષિત ના થાય અને આપણો ખોરાક શુદ્ધ રીતે તૈયાર થાય એટલી તકેદારી જો રાખવામાં આવે તો વ્યક્તિનું સ્વાસ્થ્ય નિરોગી બને અને લાંબુ આયુષ્ય પ્રાપ્ત થાય.

## *સંદર્ભગ્રંથ:*

૧. ગુજરાતી સાહિત્યની વિકાસરેખા- સુધારકયુગ, ડૉ. ધીરુભાઈ ઠાકર, પા. નં. ૭.

૨. ગુજરાતી શબ્દકોશ, રતિલાલ સા. નાયક

3. ગુજરાતી નિબંધ,એકમ-૪, ingou uni. પા. નં. ૫૧ થી ૬૧ નિબંધલક્ષી અભ્યાસ

૪. પ્ર. ૬-૭, લેખન પદ્ધતિ અને પ્રૂફવાચન, ડૉ. રમેશ શુકલ

૫. પ્ર. ૮, ખળું, ભૂંસતાં ગ્રામચિત્રો, મણિલાલ હ. પટેલ,

Certificate No.:0203202416


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
## (MUCOJOR)-2583-9829 (On-line)
### International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડૉ. કિશોર વાળા**

In recognition of the publication of the paper entitled

**માટીથી ગયાં એટલે રાક્ષસી જેવા થયા?**

Published in Volume 02, Issue 03, June 2024.

**EDITOR IN CHIEF**